# એસઆરપી જવાને પોતાની રાયફલ વડે આપઘાત કરી લેતાં ચકચાર

## સચિવાલય પોઇન્ટ પર ફરજ બજાવતા જવાને એસઆરપી ક્વાર્ટર્સ ખાતે અગમ્ય કરણોસર જીવન ટૂંકાવ્યું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં સચિવાલય ખાતેના પોઈન્ટ પર ફરજ બજાવતા સ્ટેટ રીઝર્વ પોલીસ દળના ગૃપ - ૩ના એક જવાને આજે સેકટર - ૨૭ ખાતે પોતાની રાયફલ વડે પોતાની જાતને જ ગોળી મારીને આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. મૂળ પાટણના વતની એવા આ પોલીસ જવાનની આત્મહત્યા કરવાનું કારણ જાણી શકાયું નથી. આ બનાવ અંગે સેકટર - ૨૧ની પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.



ગાંધીનગરમાં એસઆરપીમાં ગૃપ - ૩ માં ફરજ બજાવતા અને મૂળ પાટણના વતની ધનજીભાઈ પરમાર ઉ.વ.આશરે ૪૦થી ૪૫ જેઓ છેલ્લાં ત્રણ ચાર મહિનાથી સચિવાલય ખાતેના પોઈન્ટ પર ફરજ બજાવતા હતા. ધનજીભાઈ પોતાના અન્ય સાથી કર્મીઓ સાથે સેકટર - ૨૭માં ડીએસપી કચેરી સંકુલ ખાતે ક્વાર્ટર્સમાં રહેતા હતા. આજે બપોરના સુમારે ધનજીભાઈ અન્ય જવાનો સાથે પોતાની રૂમ પર આવ્યાં હતા અને આ દરમ્યાન ધનજીભાઈએ પોતાની રાયફલ વડે સેલ્ફ ફાયર કરીને આપઘાત કરી લીધો હતો. સંકુલમાં અચાનક ફાયરિંગનો અવાજ આવતાં જ અન્ય જવાનો દોડી આવ્યા હતા પરંતુ તે પહેલાં ધનજીભાઈનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. રાયફલની ગોળી તેમની દાઢીના નીચેના ભાગેથી ઘુસીને આરપાર નીકળી ગઈ હતી તેમજ તેમનો નિશ્ચેતન દેહ લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો. ઘટનાની જાણ સેકટર - ૨૧ પોલીસ મથકે કરવામાં આવતાં પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી અને ધનજીભાઈના મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે ખસેડીને વધુ તપાસ હાથ ધરી હતી. ધનજીભાઈએ શા માટે આપઘાત કર્યો તે હજું જાણી શકાયું નથી.



સરકારી નોકરી મેળવવા માટે યુવાનો ખુબ જ મહેનત કરે છે. રાજ્ય સરકાર દ્વારા જ્યારે મોટી ભરતીની જાહેરાત બહાર પાડે છે ત્યારે યુવાનો ખુબ મોટી સંખ્યામાં તેમાં ઉત્સાહથી જોડાય છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલ હેડક્લાર્કની પરીક્ષા આપવા હજારો યુવાનો ગાંધીનગર ઉમટી પડ્યા હતા. કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે પરીક્ષા યોજાઈ હતી.

# સુઝુકી મોટર્સ-ગુજરાત સરકાર વચ્ચે ૧૦ હજાર કરોડના એમ.ઓ.યુ.

## નાણામંત્રી કનુભાઈ દેસાઈએ સરકાર વતી એમઓયુ કર્યા : સુઝુકી મોટર્સ દ્વારા ગુજરાતમાં નવો પ્લાન્ટ સ્થપાશે

ગાંધીનગર, તા.૨૦

જાપાનના પ્રધાનમંત્રી ભારતની મુલાકાતે આવ્યા છે. દિલ્હીમાં ભારત-જાપાન સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જાપાનના પીએમ સાથે તેમના દેશનું પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે. આ દરમિયાન ભારત-જાપાન વચ્ચે વિવિધ એમઓયુ થયા છે. તો જાપાનની સુઝુકી મોટર્સ અને ગુજરાત સરકાર વચ્ચે ૧૦ હજાર કરોડના એમઓયુ સહી કરવામાં આવ્યું છે. સુઝુકી મોટર્સ ગુજરાતમાં નવો પ્લાન્ટ સ્થાપશે તે માટે આ એમઓયુ કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકાર અને સુઝુકી મોટર્સ વચ્ચે આ એમઓયુ થયા છે. ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ સરકાર વતી આ એમઓયુ કર્યા છે. આ હેઠળ ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનો અને બેટરીના ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપવામાં આવશે. વિરમગાર માંડલ પાસે આવેલી જાપાન ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપ પાસે નવો પ્લાન્ટ સ્થાપવામાં આવે તેવી શક્યતા છે. સુઝુકી મોટર્સના આ નવા પ્લાન્ટમાં ૨૦૨૬ સુધીમાં ઈલેક્ટ્રિક વાહનોની બેટરીનું ઉત્પાદન કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. તો ગુજરાતમાં જ ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનનો પણ ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્ક્રેપ પોલિસી અંતર્ગત જુના વાહનોના રિસાયકલિંગ અને ડિસમેન્ટલિંગ માટે પણ એમઓયુ કરવામાં આવ્યા છે. જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો કિશિદા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં દિલ્હી ખાતે આ એમઓયુ કરવામાં આવ્યા છે.

# વિપુલ ચૌધરીના સમર્થનમાં શકિત પ્રદર્શન કરાયું

## ચૌધરી સમાજમાં બે ભાગ જોવા મળ્યા : વિરોધી જૂથ દ્વારા મહાઆક્રોશ સંમેલન યોજવામાં આવ્યું

મહેસાણા, તા.૨૦

મહેસાણા જિલ્લામાં ચૌધરી સમાજમાં રાજકારણ ગરમાયુ છે. દૂધસાગર ડેરીની ચૂંટણીમાં સવા વર્ષ પહેલાં વિપુલ ચૌધરીની કારમી હાર બાદ વિપુલ ચૌધરીએ છેલ્લા એક માસથી રાજકીય ક્ષેત્રે શક્તિ પ્રદર્શન શરૂ કર્યું છે. ત્યારે વિપુલ ચૌધરીએ પામોલની સભામાં ચૌધરી અગ્રણી હરિભાઈ ચૌધરીને ગદ્દાર અને અશોક ચૌધરીને પપ્પુ કહેતા જ ચૌધરી સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો છે. આથી આજરોજ વિસનગર તાલુકાના ગુંજા ગામે વિપુલ ચૌધરીના સમર્થનમાં સભા યોજાઈ અને વિપુલ ચૌધરીના સમર્થનમાં શપથ લેવામાં આવ્યા હતા.

બીજી તરફ મહેસાણા તાલુકાના બોરીયાવી ગામમાં ચૌધરી સમાજના બીજા જૂથે હરિભાઈ ચૌધરી અને અશોક ચૌધરીના સમર્થનમાં આંજણા આક્રોશ મહાસંમેલન યોજી વિપુલ ચૌધરી વિરુધ્ધ આક્રોશ ઠાલવ્યો હતો. આમ,ચૌધરી સમાજમાં સહકારી ક્ષેત્રને રાજકીય રંગ લાગી જતા બંને જૂથે એકબીજા સામે રોષ અને આક્રોશ ઠાલવ્યો છે.

રાજ્યમાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તેની પહેલા મહેસાણા જિલ્લાના ચૌધરી સમાજમાં ભારે વિવાદ જોવા મળી રહ્યો છે. જેમાં એક જૂથ વિપુલ ચૌધરીના સમર્થનમાં તો બીજુ જૂથ તેના વિરોધમાં છે. વિપુલ ચૌધરીએ સમાજના અગ્રણીઓ સામે કરેલા નિવેદનને લઈને એક જૂથ તેમનો વિરોધ કરી રહ્યો છે. ત્યારે આજે વિપુલ ચૌધરીના સમર્થનમાં ચૌધરી સમાજના એક જૂથે શક્તિ પ્રદર્શન કર્યું હતું. તો બીજા જૂથે વિરોધ કરવા આક્રોશ સભાનું આયોજન કર્યું હતું.



ટેરા ઓશિયન ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લીમિટેડ કંપનીએ આજે કુડાસણમાં ટેરા સ્કીન એન્ડ એસ્થેટીક્સના પ્રથમ સ્ટોરનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ સ્ટોરનુ ઉદઘાટન કર્યુ હતુ. મેયર હીતેશ મકવાણા, સાંઈરામ દવે, માયાભાઈ આહીર, ઋત્વીજ પટેલ, સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન ટેરાના ફાઉન્ડર ડો પ્રશાંત કાલાવડીયાએ આત્મ નિર્ભર ભારતની વાત કરતા જણાંવ્યુ હતુ કે દેશના વિવિધ રાજયોમાં આ ટેરાના ક્લિનક અને સ્ટોર ખોલવાની યોજના છે. દેશના જુદા જુદા રાજયોના લોકોના સ્કીન પર વિવિધ પ્રોડકટસની ટેસ્ટીંગ પણ કરવામાં આવી છે. આ પ્રોડકટસને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે પણ યુનાઈટેડ કીંગડમ ખાતે ડિસ્ટ્રીબ્યુશન ચેનલનુ ટાઈઅપ કર્યુ છે.



**ગાંધીનગરના અડાલજ ખાતે ગુજરાત કૂર્મી ક્ષત્રિય મહાસભાની મિટિંગ યોજાઈ**

આખા ભારતમાં કૂર્મી ક્ષત્રિય સમસ્ત પાટીદાર વસેલા છે જેમાં ગુજરાત કૂર્મી ક્ષત્રિય પાટીદાર મહાસભાનો મુખ્ય ઉદ્દેશ સંસ્થાનો વિકાસ તેમજ તેના માધ્યમથી સમગ્ર રાજ્યના પાટીદાર ભાઈ-બહેનો અને ખાસ કરીને યુવાનોના સર્વાંગી વિકાસ માટેનો છે આ હેતુથી અન્નપૂર્ણા મંદિર, અડાલજ ખાતે ગુજરાત કૂર્મી ક્ષત્રિય સમાજ પાટીદાર મહાસભાની મીટીંગ યોજાઈ હતી જેમાં આગામી દિવસોમાં સમાજલક્ષી બીજા કાર્યક્રમો યોજાશે તેવું આયોજન પણ કરવામાં આવ્યું છે આ મિટિંગમાં મગનભાઈ પટેલ, ડૉ. હિમાંશુભાઈ પટેલ તેમજ હોદ્દેદારો તથા મહાનુભાવો હાજર રહ્યાં હતા.

# માણસા તાલુકાના બોર્ડના વિદ્યાર્થીઓ માટે "પરીક્ષા નામે ઉત્સવ" વિષયે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના માણસાની આર. બી. એલ. ડી હાઈસ્કૂલ, ચૌધરી હાઈસ્કૂલ અને



બ્લીશ ઈન્ટરનેશનલ હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ના પરિક્ષા આપતાં વિદ્યાર્થીઓ માટે "પરિક્ષા નામે ઉત્સવ" એ વિષય પર સેમિનારનું આયોજન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા બ્રાન્ચ અને માણસા તાલુકા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટિવેશનલ સ્પિકર અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર તાલુકા બ્રાન્ચના ચેરમેન કુંતલ નિમાવત તેમજ દિપલબેન પરમારે સેવાઓ પુરી પાડી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન જીલુભા ધાંધલ અને અન્ય પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. માણસા ભાજપના અગ્રણી અને માણસા તાલુકા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન તેમજ "આનંદી માના વડલા"ના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ દ્વારા પરિક્ષા આપતાં વિદ્યાર્થીઓને આશિર્વાદ સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. ત્રણેય સ્કુલના આચાર્યો દ્વારા આવા સેમિનારનું આયોજન કરવા બદલ સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસનો આભાર માનવામાં આવ્યો હતો.

# રાજકારણમાં જોડાઉ કે નહીં તે અંગે જાણ કરીશ : નરેશ પટેલ

## નરેશ પટેલનું રાજકારણમાં જોડાવવા અંગે સસ્પેન્સ : બહેનો અને મિત્રોની ખૂબ લાગણી છે કે, હું રાજકારણમાં જોડાઉ પણ આ માટે મને થોડો સમય આપો : નરેશ પટેલ

રાજકોટ, તા.૨૦

ખોડલધામમાં ઉત્તર ગુજરાતના PAAS કન્વીનરો સાથે બેઠક પહેલા નરેશ પટેલે સૂચક નિવેદન આપીને ફરીવાર રાજકારણમાં જોડાવવા અંગે સસ્પેન્સ ઉભું કર્યુ છે.ખોડલધામના પ્રમુખ નરેશ પટેલે મીડિયાને જણાવ્યા અનુસાર બહેનો અને મિત્રોની ખૂબ લાગણી છે કે, હું રાજકારણમાં જોડાઉ.. આ માટે મને થોડો સમય આપો. રાજકારણમાં જોડાઉ કે નહીં તે અંગે જાણ કરીશ અને બાદમાં કઈ પાર્ટીમાં જોડાવું છે તે નક્કી કરીશ.

નરેશ પટેલે મીડિયાને જણાવ્યું કે, બહેનો અને મિત્રોની લાગણી છે કે હું રાજકારણની અંદર આવું. મેં પહેલા પણ જણાવ્યું છે કે, દરેક સમાજને સાથે રાખીને ખોડલધામ કામ કરી રહ્યું હોય ત્યારે મારે દરેક સમાજની લાગણી લેવાની હોય છે. મને હજી થોડો સમય આપો. મીડિયાના માધ્યમથી હું બધાને જાણ કરીશ કે રાજકારણમાં આવવું છે કે નહીં? ખોડલધામ પરિસરમાં ક્યારે રાજકારણની વાત નથી કરતા. ખોડલધામ રાજકારણનું માધ્યમ નતી ફકત સંગઠનની જ વાત કરવામાં આવે છે. પ્રાપ્ત માહિતી અનુસાર ખોડલધામમાં PAAS કન્વીનર્સ અને નરેશ પટેલ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં પાસ કન્વીનર ગીતા પટેલ સહિત ઉત્તર ગુજરાતના ૩૦૦ લોકો બેઠકમાં જોડાયા હતા. ગીતા પટેલે જણાવ્યું હતું કે, નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાય તેવી અમારી ઈચ્છા છે. પરંતુ નરેશ પટેલે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજકારણમાં જોડાવા માટે મને સમય આપો. રાજકારણમાં જોડાવાના નિર્ણય બાદ જ હું પાર્ટી નક્કી કરીશ.

બીજી તરફ ગીતા પટેલે જણાવ્યું કે, નરેશ પટેલ કોંગ્રેસમાં જોડાય તેવી અમારી ઈચ્છા છે, કારણ કે પાટીદાર આંદોલન વખતે સરકારે પાટીદાર સમાજ પર અત્યાચાર ગુજાર્યો હતો. તેમાં નરેશ પટેલ ન જોડાય તેવી ઈચ્છા છે. નરેશ પટેલ ગમે તે પક્ષમાં જાય મારી એમની સાથે શુભેચ્છા જોડાયેલી છે. સમાજની લડાઈ જ્યારે લડવી હોય તો સામા પક્ષે જ રહીને લડવી પડે.

### પાથેય ● અનુસંધાન ચોથાનું ચાલુ...

આ બધી ભ્રમણાઓ કે મિથ્યા દોડથી બચવાના કોઈ ઉપાયો ખરા ? એનું નિરાકરણ માણસે ખુદ કરવાનું હોય છે.દરેક માણસની એક દોડ હોય છે..સ્પર્ધા માટેની તાલાવેલી હોય છે..કયારેક ઉપર તો કયારેક નીચે આવતો એ જીવનના ચગડોળને સમજવાની કોશિશ કરતો રહે છે..એ માટે એની પોતાની જ સમજશકિત એને કામ લાગે છે..ભીડમાં ગરકાવ થઈ જતા માણસને શોધી નાખવો કદાચ શક્ય છે, ષણ પોતાની જાતને ભૂલી જગતમાં ગરકાવ થઈ જતા માણસ માટે કોઈ સહાયક હોતો નથી..એણે જાતે જ ઉઠવું પડે છે..જાગવું પડે છે. પોતે હયાત છે એની ખાતરી કરાવવી પડે છે.."તું પોતે જ તારો સહારો બન "એવું ભગવદગીતામાં જે કહેવાયું છે એ જીવનનો અર્ક છે..જગતમાં સૌથી કપરૂં કામ પોતાની જાતને શોધવાનું છે..એ રીતે જાતે જ જડી જવાનો જાદુ શીખવા જેવો છે.

### પહેલું કિરણ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

સામનો કરતા. તેઓ બહાદુર, નીડર, ટેકીલા અને પરાક્રમી હતા. સત્યને વળગી રહેતા અને મોતથી પણ ડરતા નહીં. તેમની સેવાની સુગંધના સાથે સાથે તેમની હાક અને ધાક પણ હતી. સમાજને રંજાડતા લોકો તેમના નામથી ડરતા. સમાજને નિર્ભય કરવામાં પણ તેમણે મોટું પ્રદાન કર્યું હતું.

શ્રી પ્રહલાદજી શેઠે સમાજ અને રાષ્ટ્ર માટે વિવિધ ક્ષેત્રે ઘણું પ્રદાન કર્યું તેના પાયામાં તેમનાં જીવનસાથી કાશીબાનું પણ મોટું પ્રદાન હતું. તેઓ આદર્શ ગૃહિણી, શ્રેષ્ઠ માતા અને જવાબદાર નાગરિક હતાં. પોતાના ભાગે આવેલી તમામ જવાબદારીને સુપેરે નીભાવીને તેમણે શ્રી પ્રહલાદજી શેઠના સફળ તથા સાર્થક જીવનમાં સીમાચિહ્નરૂપ પ્રદાન કર્યું હતું.તેમના બન્ને દીકરા શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી ભગુભાઈ પટેલે પણ પિતાનો સંસ્કાર અને મૂલ્ય વારસો સ્વીકારીને દીપાવ્યો હતો. એ પછી તેમના પૌત્રો પિયુષભાઈ, દેવાંગભાઈ, જયદીપભાઈ, ગિરિશભાઈ અને અનિલભાઈ પણ દાદાના પગલે આગળ ધપ્યા. જાણે કે આ જ્યોત હવે અખંડ રાખવાની હોય તેમ તેમના પ્રપ્રૌત્રોએ પણ સમાજનિષ્ઠાની બીડું ઝડપ્યું છે. જ્યાં લાટી હતી ત્યાં પ્રહલાદ બજારનું નિર્માણ થઈ રહ્યું છે તે જાણે કે તેની નિશાની અને સાબિતી છે.

બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી પ્રહલાદજી શેઠ એટલે માનવતાનું અજવાળું. નિખાલસા, નીડરતા, સાદગી, પરગજુપણું, ન્યાયપ્રિયતા, પ્રામાણિકતા, પરિશ્રમ જેવા અનેક ગુણોથી ઓપતા તેમના વ્યક્તિત્વ અને કર્તૃત્વને આજે પણ લોકો યાદ કરે છે ત્યારે તેમની આંખો ભીની થઈ જાય છે. આવી લોક-ભીનાશ ઘણા ઓછા લોકોના નસીબમાં હોય છે. મૃત્યુ પછી ચક્ષુદાન કરનારા શ્રી પ્રહલાદજી શેઠે સમાજને જીવવાની એક નવી અને સાચી દષ્ટિ આપી હતી.

આવા મહાન સપૂતોને યાદ કરીને ધરતી માતા પણ ગૌરવ અનુભવતી હોય તો લોકોને તો આનંદ થાય તેમાં શી નવાઈ ? શ્રી પ્રહલાદજી શેઠના જીવનમાંથી પ્રેરણા લઈને આપણે પણ સમાજ માટે થાય એટલું કરીએ અને તેમને સાચી શ્રદ્ધાંજલિ આપીએ.

**ગોધૂલિઃ**

ઘણીવાર નવી પેઢી માટે તૈયાર થતી હોય છે. બેચરાજીમાં જ્યાં લાટી હતી ત્યાં પ્રહલાદ બજારનું નિર્માણ કરીને શ્રી પ્રહલાદજી શેઠના પ્રપૌત્ર પ્રિયેન પટેલ અને તેમનો આખો પરિવાર સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ આપી રહ્યો છે. જો જૂનું એટલું સોનું હોય છે તો નવા એટલા હીરા પણ હોય છે.

### ગાંધીનગર મને ગમે છે... ● પાંચમાં પાનું ચાલુ

મારી નોકરીની જેમ ગાંધીનગરને પણ પોતે કામચલાઉ પાટનગર બન્યું છે એમ લાગ્યું હશે કેમ કે સેક્ટરોની પેલે પાર એરફોર્સને જગ્યા આપી હતી એટલે તેનું જ મથક બની જશે એવી દહેશત લોકોને હતી. ધીમે ધીમે તે પ્રેમમાં બદલાઈ. ઘણાં લોકો તેની શાંતિથી આકર્ષાયાં. ભલે શનિ-રવિની રજામાં અમદાવાદ દોટ મુકે પણ છેવટે તો ગાંધીનગરની શાંતિ પામવા આવવું જ પડે. શહેર એટલું વહેલું કાર્યરત થયું છે સિવિલ હોસ્પિટલના અલગ મકાનની પણ રાહ ના જોઈ અને તે સેક્ટર-૨૧ના બહુમાળિયા બ્લોકમાં ચાલુ થઈ હતી.

મનોરંજન માટે માહિતી ખાતા તરફથી વારાફરતી સેક્ટરોમાં ફિલ્મ બતાવાય, દરેક સેક્ટરની ઈન્કવાયરી તેની મકાન નિભાવની કામગીરી ઉપરાંત વસાહતીઓનાં ફોન અમદાવાદથી આવે તો ઘેર જઈને બોલાવે. સબંધો નિભાવમાં પણ તેનો સહયોગ. સેક્ટર-૧૬, ૧૭, ૨૨, ૨૧, ૧૯ અને ૨૦ એ સરકારી કર્મચારી-અધિકારીના ગઢ ગણાતાં. બધાં જ ફરતે ગોઠવાયેલાં અને વચ્ચે સચિવાલય એટલે ૧૦.૦૦ વાગ્યાથી પગપાળા, સાયકલ કે સ્કૂટરોની કવાયત શરૂ થતી... સાંજે પણ એ જ માહોલ અને વળી પાછી નિરવ શાંતિ... માણસો જાય ક્યાં ? રોજ રાત્રે કરફ્યુ હોય એવું લાગે... અને હવે ? ગાંધીનગરનો અદ્ભૂત વિકાસ. જ્યારે ખરેખર ગ્રીન સીટી હતું ત્યારે લોકો જેટલાં ન આકર્ષાયા એનાંથી વધારે અત્યારે... ગાંધીનગર ચારે બાજું વિસ્તર્યું પણ મૂળ તો અમદાવાદ સાથેનો તેનો નાતો કેમ ભૂલે ? એટલે જ તો કોબા તરફથી અને સરખેજ તરફનાં હાઈવેથી હવે તો એ અમદાવાદને બાથ ભીડવાં મથી રહ્યું છે. નવાં સચિવાલયનું નિર્માણ અને તેમાં પણ આધુનિકતા, સુંદર પહોળાં રોડ, બહુમાળી ફ્લેટ વિકસિત શોપીંગ સેન્ટરો, બીઝનેસ હબ જેવાં ‘‘ચ’’ રોડ ઉપરના નવાં બાંધકામો... ગૌરવશાળી રેલવે સ્ટેશન.. કેટલો વિકાસ ! ક્રમશઃ અને આયોજનબદ્ધ રીતે બધું જ થઈ રહ્યું છે ત્યારે હવે તો ડર લાગે કે ગાંધીનગર શાંત અને સુઘડ નગરમાંથી બેફામ શહેર ના બની જાય !

આ બધું જ હોવા છતાં તેની ગરિમા અકબંધ છે. તેની શાંતિ આજે પણ-ઘોંઘાટમાં પણ અનુભવાય છે. રાજાના છોકરાંની જેમ દિવસે ના વધે એટલું રાતે વધે એવાં ગાંધીનગરની ભવ્યતા પ્રત્યેનો કેમ ના વધે ? આજે પણ ગમે ત્યાં જઈએ પણ શાતા તો ગાંધીનગર આવીએ ત્યારે જ વળે ! આવું ગાંધીનગર. કોને ના ગમે ? મને તો ગમે જ છે...તમને ?

### એટેકથી મૃત્યુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સચિવાલય રૂટની બસ સાંજે પોઈન્ટના બસ સ્ટોપ પરથી ઉપડી હતી બસ આગળ જતા અડાલજ ત્રિમંદિર પાસે બસ ડ્રાઈવર નેરશગીરી ગોસ્વામીને અચાનક જ છાતીમાં દુખાવો થવાનુ શરૂ થયુ હતુ. આ વેળાએ બસ ડ્રાઈવરે સમય સુચકતા દાખવી બસને નજીકમાં સ્થિત એક હોટલ પાસે ઉભી રાખી દીધી હતી જયારે છાતીમાં દુખાવાની ફરિયાદના લીધે તાત્કાલિક ૧૦૮ નો સંપર્ક કરી એમ્બયુલન્સ બોલાવી હતી જયારે ડ્રાઈવરને સારવાર માટે નજીકના સી એચ સી સેન્ટર લઈ જવાયા હતા પરંતુ હાર્ટ એટેકના લીધે તેમનુ મોત નિપજયુ હતુ. ૪૮ વર્ષીય બસ ડ્રાઈવર નરેશગીરી ગોસ્વામીના મૃત્યુથી ડ્રાઈવર કંડકટરોમાં પણ શોકની લાગણી વ્યાપી હતી કડી તેમજ ગાંધીનગર ડેપો સંકુલમાં પણ એસ ટી સ્ટાફે ઘેરા શોકની સાથે દુખની લાગણી વ્યકત કરી છે.

### તાલીમ અપાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે આ તાલિમ પછી મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોને પણ તાલુકાવાર તાલિમ આપવાનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. આ સપ્તાહના અંત સુધીમાં તેમને પણ તાલિમબદ્ધ કરાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

### કચરાના ઢગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવતી નથી. નગરની ફુટપાથ પણ કચરાથી ઢંકાઈ ગઈ છે. નગરના રહેણાંક વિસ્તાર અને સેકટરોના શોપિંગ બજારો આસપાસ પણ ઉકરડો ખડકાયેલો જોવા મળે છે. જયારે પાનખરના અંતે હાલ શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ પણ સુકાયેલા પાંદડાઓનો ઢગ ચારેબાજુ કચરા સ્વરપે જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે આસપાસના રહીશો પણ તોબા પોકારી ગયા છે. નગરની ફુટપાથ પણ પાનખરના કચરાથી ઢંકાઈ ગઈ છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં પણ સુકા કચરાનો ઢગ ખડકાયો છે. આ સ્થિતિ વચ્ચે નગરના ફુટપાથ અને માર્ગો પણ કચરાથી ઉભરાતા નજરે પડે છે.

### ટ્રીપો દોડાવી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજસ્થાન જવા માટે પણ ચિલોડા સર્કલ પાસે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે સર્કલ પર રાજસ્થાન તરફની તમામ બસોમાં ફુલ ટ્રાફિક જોવા મળ્યો હતો. બીજીતરફ હોળીના પર્વ દરમિયાન દાહોદ ઝાલોદ , ગોધરા અને સંતારામપુર તરફ જવાના રૂટમાં પણ વિશેષ ટ્રાફિક રહ્યો હતો જો કે એસ ટી ડેપો કક્ષાએથી વધારાની બસો મુકવામાં આવી હતી જેના લીધે મુસાફરોને પણ કોઈ હાલાકી વેઠવી ન પડી હતી. હોળી ધુળેટીના ચાર દિવસના પર્વ દરમિયાન ડેપોએ દાહોદ ઝાલોદ સહીતના રૂટમાં સલામત સવારીની ૧૨૦ ટ્રીપો દોડાવી હતી જેના લીધે ગાંધીનગર ડેપાને ચાર જ દિવસમાં અંદાજિત રૂ ૧૯ લાખની વધારાની આવક થઈ હતી. તહેવારો તેમજ ધાર્મિક ઉત્સવો અને સરકારી કાર્યક્રમો તેમજ લગ્નવર્ધિમાં એસ ટી ડેપો દ્વારા વધારાની બસો દોડાવી વધુ આવક ઉભી કરવામાં આવે છે. જો કે છેલ્લા બે વર્ષથી કોરોનાના કહેર વચ્ચે એસ ટી ની સલામત સવારી પ્રભાવિત થતા એસ ટી ની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હતો જયારે હવે કોરોનાનો કહેર ઓસરી જતા એસ ટી બસના પૈડા ટ્રેક પર દોડતા થયા છે. ત્યારે એસ ટી એ રૂટીન બસ સેવા સિવાય વધારાની બસો દોડાવાનુ પણ શરૂ કર્યુ છે. દિવાળી બાદ હોળી ધુળેટીના પર્વ દરમિયાન પણ એસ ટી ડેપો દ્વારા વધુ બસો દોડાવી તગડી આવક કરી છે.

### મોંઘવારી વધશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૪૦ ડોલર પ્રતિ બેરલ હતો જે હવે ઘટીને ૧૦૦ ડોલરની આસપાસ છે." આમ છતાં અગાઉ કરતા ક્રૂડના ભાવ વધારે જ છે જેના કારણે પેકેજિંગ મટિરિયલનો કોસ્ટ વધી ગયો છે. કંપનીઓ પણ મોટો ભાવવધારો કરતા ખચકાતી હતી કારણ કે કોવિડ પછી માંગ સુધરી રહી હતી અને કંપનીઓ કોઈ જોખમ લેવા માંગતી ન હતી. મયંક શાહે કહ્યું કે, "હાલમાં બધા લોકો ૧૦થી ૧૫ ટકા ભાવવધારાની વાત કરે છે. વાસ્તવમાં ઈનપુટ કોસ્ટ તો ઘણો વધી ગયો છે. પારલે પાસે અત્યારે પેકેજિંગ મટિરિયલનો પૂરતો સ્ટોક છે તેથી થોડા સમય સુધી રાહ જોયા પછી ભાવવધારા વિશે નિર્ણય લેશે."